# સાદના દીવાનો અજવાસ...

આમ તો પાંચ કાવ્યસંગ્રહ પ્રકાશિત થઈ ગયા હોય એમાં ત્રણ ગઝલસંગ્રહ હોય, એમાં ત્રણ-ચાર પારિતોષિક પણ મળી ગયાં હોય એ પછી ચોથા ગઝલસંગ્રહ માટે પ્રસ્તાવના લખાવવાની જરૂર નથી હોતી છતાં જિતેન્દ્રભાઈના આગ્રહથી જે કંઈ મને આ સંગ્રહમાંથી પસાર થતાં અનુભવાયું એ અહીં વહેંચું છું.

ગુજરાતી સાહિત્યમાં ગઝલની હરણફાળ જોતાં આનંદ અને અવસાદ બંનેની લાગણી થવી સ્વાભાવિક છે, કેમ કે સારી ગઝલો, સત્ત્વશીલ ગઝલોનું પ્રમાણ ઓછું અને એના સિવાયની ગઝલોનું પ્રમાણ વધારે જોવા મળે છે. એના લીધે અમુકને હળવી ટકોર કરવાની કે લીરેલીરા ઉડાડવાની બંને તક મળી રહે છે.

આમ તો આ વાત ગઝલ સિવાયના પ્રકારોમાં પણ જોવા મળે છે, કેમ કે એનું પ્રમાણ ગઝલથી ઓછું હોવાથી એને મીઠી નજરોનો લાભ મળી રહે છે. આમે પ્રકાર કોઈ પણ હોય, સાહિત્યમાં એક સાહિત્યકારે આવનારા બીજાને સાહિત્યકાર માનવો એ જ બંને પક્ષે પીડાભરેલું હોય છે.

ખેર, આવા વાતાવરણમાં પણ ક્યાંક કંઈક સહેજ સ્પર્શે, ધ્યાન ખેંચે તો એનો આનંદ અનેરો હોય છે.

જિતેન્દ્રભાઈની ગઝલોમાં આવા ચમકારા વારેઘડીએ વાંચનારને અટકાવે છે.

સ્વાદ એનો આજીવન રહેવાનો છે,
તું મને જાકારો મીઠો આપજે.

વાત ‘જાકારા’થી તો શરૂ થાય છે.

હવે રોકાણની કોઈ શકયતા નથી એ તો કવિએ સ્વીકારી લીધું છે.

બસ હવે ચિંતા જે છે એ એ જ છે કે આ જાકારો જીવનભર સાથે જ રહેવાનો છે તો એ જરા મીઠો હોય તો ઠીક રહેશે.

મીઠા જાકારાનો મોહ કવિ સિવાય બીજો તો કોણ રાખી શકે!

દીકરી ક્યાં એકલી ગઈ છે બહાર,
એની સાથે ગઈ, એ માની ફાળ છે

આ શેરમાં રહેલી ફાળથી તો કોણ અજાણ છે?

આમ તો આવા શેર હવે આપણને હલબલાવવામાં ધીરે ધીરે નિષ્ફળ જઈ રહ્યા છે. એ સત્ય પણ કોઈ ફાળથી કમ નથી.

આ શેરમાં એક વાત જે ધ્યાન ખેંચે એવી એ છે કે આમાં દીકરીની અંદાજિત ઉંમર અને માની સાથે બાપની પણ ફાળ ભેગી છે જે ઉલ્લેખાયા વિના આવ્યા છે.

માછલીની આંખ રડતી જોઈને,
ખારવાને સાંભરી'તી દીકરી!

આ શેરમાં પણ દીકરીની વાત છે પણ એ અલગ રીતે આવી છે.

ખારવાને પાણીમાં રહેલી માછલીની આંખમાં આંસુ દેખાવા અને એ આંસુમાં એની દીકરીનો ચહેરો દેખાવો એ દૃશ્ય ભાવવિભોર કરે છે.

ક્યાં રહ્યા અવશેષ કોઈ ઘડિયાળમાં?
ક્યાં જઈને ક્ષણનાં આ ચકલાં પડ્યાં?

ઘડિયાળ ઉપર સેંકડો શેરો લખાઈ ચૂક્યા છે.

જેમાં સેંકડો શેરો લખાઈ ગયા હોય એ પ્રતીકમાં હવે વાત કરવી એ કવિના કાવ્યતત્ત્વની કસોટી કરે છે.

જન્મીને તરત મરતી ક્ષણોને ચકલા સાથે સરખાવીને એની લાશોના અવશેષ ઘડિયાળમાં તો ન હોવાની નવાઈ શેરનું વિશિષ્ટ સૌંદર્ય બને છે.

આંગણે વરસાદ પડતો જોઈને,
આભને ઘૂરી રહ્યાં છે અશ્રુઓ.

આ શેર ડ્રામેટિકલ લાગે છે અને જે શેરમાં ડ્રામાં હોય એ સાંભળવાની સાથે જોવાની પણ મજા આપી જતો હોય છે.

આંખનું પાણી આભથી પડતા પાણીને ઘૂરે એ સ્વાભાવિક છે.

આમ તો આ ઘૂરવુંને અલગ અલગ પરિપેક્ષ્યમાં જોઈએ તો શેરની મજા અલગ અલગ આવશે.

આવા શેર અનાયાસે લખાતા હોય છે.

આમ વારંવાર બદલી ના કરો,
દાવ પર મુકાય છે દફ્તર અહીં

મારા ધ્યાનમાં છે ત્યાં સુધી આવો કે આનાથી ભળતો વિચાર ગઝલમાં આવ્યો નથી.

એક વારંવાર બદલી થતાં બાપના દીકરા કે દીકરીની આ વ્યથા ઉપર ધ્યાન પડવું એ ઉમદા કવિકર્મની નિશાની છે.

જેમની અવારનવાર બદલી થતી હશે એમનાં બાળકો ભલે કદાચ ફરિયાદ ન કરીને પરિસ્થિતિને સ્વીકારી લેતાં હશે, પણ એમને ઘણી બધી રીતની પડતી તકલીફ કવિની નજરથી આબાદ ઝિલાઈ એ મહત્વપૂર્ણ છે.

દીવાની સાવરણીથી એ વાળી દે ને!
મારા ઘરનું અંધારું અજવાળી દે ને!

ઈશ્વર પાસે સુખ, શાંતિ, સગવડ, ચેન, આરામની માગણી અન્યોની જેમ કવિ પણ કરતો જ હોય છે.

કોઈ કવિ આમાંથી બાકાત હોય એવું લગભગ નહીં બન્યું હોય, હા, દરેક કવિનો અંદાજ એ માગણીનો નોખો રહેવાનો.

આ શેરમાં પણ એક નોખા અંદાજ અને લહેકા સાથે કરેલી માગણી આનંદાઈ છે, ભલે પછી કદાચ એ પૂરી ના પણ થાય.

# ઈશ્વર!

સફેદી ફક્ત કહેવા પૂરતી ત્યાં છાંટજે ઈશ્વર!
અમારી દીકરીનો વાન ભીનો રાખજે ઈશ્વર!

બને તો લાજ એની તું હંમેશાં ઢાંકજે ઈશ્વર!
છલકતી આંખનાં પાણીને કાયમ ખાળજે ઈશ્વર!

નથી કહેતો કે હરહંમેશ તું સાથે જ રહેજે, પણ -
ઉગામે હાથ તો મુક્કો બનીને આવજે ઈશ્વર!

જગતની આગથી કોમળ હૃદય દાઝી જશે એનું,
જગતની આગથી એને બચાવી રાખજે ઈશ્વર!

મલાજો તોડવાની પળ કદી જ્યાં આંગણે આવે,
નનામી બાપની અહીંયાં પ્રથમ તું કાઢજે ઈશ્વર!

# તારાં સ્મરણો

સંતાનો પર પીડાનાં જ્યાં દળ આવ્યાં છે,
બાપે ઓશીકે આંસુઓ દફનાવ્યાં છે.

આમ જુઓ તો સ્થાન માત્ર મેં બદલાવ્યાં છે,
અજવાળાં ચાંપી અંધારાં પ્રગટાવ્યાં છે.

ગુનેગાર છું એક રીતે હું તારો અહીંયાં,
તારાં સ્મરણો મેં ફાંસી પર લટકાવ્યાં છે.

મનની માટી ભીની થાતાં ઊગી નીકળે,
આંખોમાં કોણે આંસુનાં બી વાવ્યાં છે?

એની ધૂમ્રસેરોથી વાળ થયા છે ધોળા,
સમય નામનાં કાગળિયાં મેં સળગાવ્યાં છે.

# દીકરી!

કૈં વખત માંગ્યા કરી'તી દીકરી!
માનતાથી અવતરી'તી દીકરી!

કાળજામાં કોતરી'તી દીકરી!
દીકરો માન્યા કરી'તી દીકરી!

વૈદેહીની જિંદગી જોઈ થયું,
આગમાં પણ ક્યાં ઠરી'તી દીકરી!

માછલીની આંખ રડતી જોઈને,
ખારવાને સાંભરી'તી દીકરી!

એ પળે ઉંમર વધી ગઈ બાપની,
હાથથી જે પળ સરી'તી દીકરી!

સાદના દીવા

# પંખી

પછી કહેવાયું એ ઘડિયાળનું પંખી,
ઊડ્યા કરતું અહીં જે કાળનું પંખી.

નવી દુનિયા, નવી કોઈ ભાળનું પંખી,
હતું જાદુભર્યું વેતાળનું પંખી.

તરત એ દીકરીને લઈ ગયું રમવા;
હરખથી આવીને મોસાળનું પંખી.

નવી કોઈ વાત લઈને આવ્યું છે આજે;
ઘણા વખતે તમારી ડાળનું પંખી.

અમારા પર અમિદષ્ટિ જરા કરજો;
અમે તો સાવ અંતરિયાળનું પંખી.

## મૌન ને સંવાદ

આંખનો વરસાદ કોરું કાઢશે?
આ તમારી યાદ, કોરું કાઢશે?

ક્યારનાં ઝઘડ્યા કરે છે ભીતરે,
મૌન ને સંવાદ, કોરું કાઢશે?

જે અહીં આવી, બધી ભીની હતી,
બોલ, પળ એકાદ કોરું કાઢશે?

રાતભર જકડે છે બાહુપાશમાં,
ઊંઘનો ઉન્માદ, કોરું કાઢશે?

આજ લગ એની ભીનપ જળવાઈ છે,
ભૂખ ભીનો સાદ, કોરું કાઢશે?

# પડછાયો!

સતત પૂછ્યા કરે પ્રશ્નો મને મારો જ પડછાયો,
અનુત્તર રહું તો ભીતર સમસમે મારો જ પડછાયો.

હથેળીથી નદી પાછી વળી છે ભાગ્યની આજે,
હજી ઊભો છે કોઈ અટકળે મારો જ પડછાયો.

નયન થાકી ગયાં છે કાયમી ઉજાગરાઓથી,
સદા આરામને ઝંખ્યા કરે મારો જ પડછાયો.

અટકવું ક્યાં? હજી કેડી ઘણી લાંબી મને દેખાય છે,
ચરણને કાયમી પૂછ્યા કરે મારો જ પડછાયો.

જીવનની ફૂલગુલાબી પળો જો સાંભળે એને,
ઉદાસી આંખમાં આંજી રડે મારો જ પડછાયો.